# રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા

RBI/2013-14/300
UBD/BPD (PCB)Cir NO.23/13-01-000/2013-14. Septmber30-2013
ધી ચીફ એકઝીકયુટીવ ઓફિસર્સ
નાગરિક સહકારી બેન્ક (તમામ)

**નાગરીક સહકારી બેન્કોમાં (UCBS) અનકલેઈમડ થાપણો / ઈન ઓપરેટીવ એકાઉન્ટસ સ્કોલરશીપ જમા કરાવવા ખોલવામાં આવતા કેટલાક સેવિગ્સ એકાઉન્ટ માટેના વ્યવહાર અને સરકારશ્રીની યોજનાઓ હેઠળ લાભાર્થીઓને જમા અપાતી સીધી કેશ બેનીફીટ ટ્રાન્સફરના વ્યવહાર અંગે**

નાગરીક સહકારી બેન્કોની અનકલેઈમ ડીપોઝીટ / ઈન ઓપરેટીવ એકાઉન્ટસ સંદર્ભમાં રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા ના પરીપત્ર UBD/BPD (PCB)Cir NO.9-13-01-000/2013-14. Dated -1 St. Septmber -2008 જણાવ્યા પ્રમાણે છેલ્લા બે વર્ષના સમય ગાળામાં કોઈ નાણાંકીય વ્યવહારો ન થયા હોય તેવા સેવિગ્સ અને ચાલુ ખાતાને ઈન ઓપરેટીવ / સ્થગિત (સુસુપ્ત) (Dormant ) તરીકે ગણવાના રહેશે અને આવા પ્રકારના ખાતાઓના લેવડ–દેવડ / વહેવાર સમયે સાવચેતી રાખવાની રહે છે.

૨/– કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાના લાભાર્થીના ખાતા ખોલવામાં આવ્યા છે, પરંતુ આવા ખાતામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન કોઈ વ્યવહાર ન થયેલ હોવાથી તેને ઈન ઓપરેટીવ / ડોરમન્ટ વર્ગીકૃત કરતા, રાજય / કેન્દ્ર સરકારને લાભાર્થીના ખાતામાં ચેક જમા કરાવવામાં, ડાયરેકટ લાભ ટ્રાન્સફર કરવામાં / ઈલેકટ્રોનીક રીતે લાભ ટ્રાન્સફર કરવામાં તેમજ વિદ્યાર્થીના ખાતામાં સ્કોલરશીપ જમા આપવામાં મુશ્કેલી પડે છે. તેવુ જણાવ્યું છે.

૩/–   ઉપરોકત બાબતને ધ્યાનમાં રાખી અર્બન કો.ઓપ.બેન્કો ને જણાવવાનું કે આવા બધાજ ખાતાને સી.બી.એસ. માં જુદા "પ્રોડકટ કોડ" આપી શકાય જેથી ઉપરોકત પેરા–૨ માં જણાવ્યા પ્રમાણેના લાભો આ ખાતાઓમાં જમા કરતી વખતે, ઈન ઓપરેટીવ / ડોરમન્ટ ખાતા માટેની શરતો તેને લાગુ પાડી ન શકાય.

૪/–   આવા પ્રકારના ખાતામાં  ઉચાપતનું જોખમો ટાળવા અર્થે આવા ખાતાઓના નાણાંકીય વ્યવહારો કરવાની મંજુરી આપતા સમયે નાણાંકીય વ્યવહારની સત્યતા સહી અને ઓળખની ચકાસણી થયાની પુરતી કાળજી લેવાની ખાત્રી કરી લેવાની રહેશે, જોકે ખાતેદાર ગ્રાહકને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય તેની પણ કાળજી લેવાની  રહેશે.

(એ.કે.બેરા)

પ્રીન્સીપલ ચીફ જનરલ મેનેજર